IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# અંકલેશ્વર તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનો અભ્યાસ

ગ્રીષ્માકુમારી ખુમાનભાઇ પટેલ
રિસર્ચ સ્કોલર,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત

**સારાંશ**

પ્રસ્તુત સંશોધન સહ અભ્યાસિક પ્રવૃતિઓ પર આધારિત હતું. પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ અંકલેશ્વર તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવાનો હતો. પ્રસ્તુત સંશોધનમાં નમૂના તરીકે ભરુચ જિલ્લાનાં અંકલેશ્વર તાલુકાની કુલ ૯૬ ગ્રાન્ટ-ઇન-એઇડ પ્રાથમિક શાળાઓમાથી ૪૦% પ્રમાણે કુલ ૩૯ ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓનાં ધોરણ ૬ થી ૮નાં શિક્ષકો અને વિધાર્થીઓનીપસંદગી યાદચ્છિક ચિઠ્ઠી ઉપાડ દ્વારા કરવામાં આવી હતી તથા માહિતી એકત્રીકરણ માટે ઉપકરણ તરીકે શિક્ષકો માટે મુક્ત જવાબી પ્રશ્નાવલિ અને વિધાર્થીઓ માટે બંધ જવાબી પ્રશ્નાવલિની રચના કરવામાં આવી હતી. મેળવેલ માહિતીના પૃથ્થકરણ માટે ટકાવારી, અગ્રતાક્રમ તથા વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**પ્રસ્તાવના**

શિક્ષણએ માનવીના સર્વાંગીણ વિકાસની પ્રક્રિયા છે. માનવની સર્વદેશીય પ્રતિભાનો વિકાસ જે પ્રક્રિયા દ્વારા થાય છે તે કેળવણી છે. કેળવણીએ મનુષ્યના વૃદ્ધિ અને વિકાસમાં મદદરૂપ થતી સતત ચાલતી પ્રક્રિયા છે. શિક્ષણ દ્વારા વ્યક્તિનો શારીરિક, માનસિક,સામાજિક, શૈક્ષણિક, સાંવેગિક તેમજ નૈતિક વિકાસ શક્ય બને છે. શિક્ષણનું ધ્યેય વ્યક્તિમાં જ્ઞાનાત્મક, ભાવાત્મક અને ક્રિયાત્મક પાસાનાં વિકાસ સાધવાનું છે. આજના સ્પર્ધાત્મક યુગમાં વિધાર્થી જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ઘણા બધા માનસિક તણાવ તેમજ સંઘર્ષોમાથી પસાર થતો હોય છે.આ દરેક બાબતોને ધ્યાનમાં રાખી શાળાઓમાં સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા બાળકો રમત દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરે છે. તેથી સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ શિક્ષણ જગતમાં અનેરું મહત્વ ધરાવે છે.

**સમસ્યાકથન**

પ્રસ્તુત સંશોધન માટેની સમસ્યા નીચે મુજબ હતી.

"અંકલેશ્વર તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનો અભ્યાસ."

**શબ્દોની વ્યાખ્યા**

**અંકલેશ્વર તાલુકો**

પ્રસ્તુત સંશોધનમાં અંકલેશ્વર તાલુકો એટ્લે ગુજરાત રાજયમાં કુલ ૩૩જિલ્લાઓ પૈકી એક ભરુચ જિલ્લો છે. ભરુચ જીલ્લામાં કુલ ૮ તાલુકાઓનો સમાવેશ થાય છે અને આ ૮ તાલુકાઓ પૈકી અંકલેશ્વર તાલુકો એમાનો એક છે. અંકલેશ્વર એ ભરુચ જીલ્લામાં આવેલ ઔધોગિક કેન્દ્ર છે. અંકલેશ્વર શહેર મુંબઈ થી અમદાવાદ જનાર રાષ્ટ્રીય ધોરીમાર્ગ તેમજ રેલ્વે માર્ગ પર આવેલું છે. અહી આઝાદી પહેલાના સમયથી રેલ્વે માર્ગ અસ્તિત્વ ધરાવે છે. અહી એશિયા ખંડની સૌથી મોટી ઔધોગિક વસાહત આવેલી છે.

**પ્રાથમિક શિક્ષણ**

દેસાઇ અને શાહ (૨૦૦૦)ના મતે,

પ્રાથમિક કે પાયાની શાળાઓમાં આપતું શિક્ષણ.

વિષયો અભ્યાસક્રમો કે સંસ્થાઓની દ્રષ્ટિએ પ્રથમ ૭ વર્ષના સમયગાળાનું ઔપચારિક, સર્વસાધારણ હેતુઓવાળું શિક્ષણ.

પ્રસ્તુત સંશોધનમાં પ્રાથમિક શિક્ષણ એટલેઅંકલેશ્વરતાલુકામાં ગુજરાત સરકારે પ્રસિધ્ધ કરેલા શિક્ષણ અધિનિયમ અનુસાર ધોરણ ૧ થી ૭ સુધીના વિદ્યાર્થીઓને સરકારના ધારાધોરણ અનુસાર શિક્ષણ આપે તેવી શૈક્ષણિક વ્યવસ્થા.

૨૦૧૨થી ગુજરાત રાજ્યમાં ૫૦૦૦ પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૮નો સમાવેશ કરવામાં આવ્યો છે.

**સહ-અભ્યાસિક પ્રવૃતિઓ**

રાષ્ટ્રીય શિક્ષણ પંચ (૧૯૬૪ – ૬૬)ના મતે,

“સહ-અભ્યાસિક પ્રવૃતિઓ વિદ્યાર્થીઓને માટે આત્માનુભૂતિ અને આત્મઅભિવ્યક્તિનું સાધન છે.”

પ્રસ્તુત સંશોધનમાં સહ-અભ્યાસિક પ્રવૃતિ એટલે બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિના વિકાસ માટે પ્રાથમિક શિક્ષણ દરમિયાન શાળા દ્વારા યોજવામાં આવતી પ્રવૃતિઓ.

**અભ્યાસ**

ભગવતસિંહજી (૧૯૯૪) ના મતે,

“અભ્યાસ એટ્લે એક કામ પાછળ ખંતથી વારંવાર મથ્યા રહેવાપણું.”

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસ એટલે એવો અભ્યાસ કે જેમાં પ્રવૃતિઓના વિવિધ પાસાઓનો અભ્યાસ કરી તેની વિવિધ પરિસ્થિતિનો ખ્યાલ આપવામાં આવે તેમજ પ્રવૃતિ અંગે ટિપ્પણી(મીમાંસા) કરવામાં આવે.

**સંશોધનનાં હેતુઓ**

પ્રસ્તુત સંશોધન સંદર્ભે નીચે મુજબનાં હેતુઓ લક્ષમાં રખાયા હતા.

૧. અંકલેશ્વર તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃતિ અંગે જાણકારી મેળવવી.

૨. અંકલેશ્વર તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃતિનાં આયોજનની જાણકારી પ્રાપ્ત કરવી.

૩. અંકલેશ્વર તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃતિઓ અંગે શિક્ષકો પાસેથી માહિતી મેળવવી.

૪. અંકલેશ્વર તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃતિઓ અંગે વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવવી.

૫. અંકલેશ્વર તાલુકામાં પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃતિઓની મર્યાદા જાણવી.

**સંશોધનનાં પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધન અંતર્ગત નીચે મુજબના પ્રશ્નોનાં ઉત્તર મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

૧. શાળામાં કઈ કઈ સહ-અભ્યાસિક પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી?

૨. સહ-અભ્યાસિક પ્રવૃતિઓનું આયોજન કેવી રીતે કરવામાં આવ્યું હતું?

૩. સહ-અભ્યાસિક પ્રવૃતિ અંગે શિક્ષકોના મંતવ્યો કેવા હતા?

૪. સહ-અભ્યાસિક પ્રવૃતિ અંગે વિદ્યાર્થીઓના મંતવ્યો કેવા હતા?

૫. સહ-અભ્યાસિક પ્રવૃતિઓની મર્યાદા કઈ હતી?

**સંશોધનનાં ચલો**

સ્વતંત્ર ચલ – જાતીયતા – સ્ત્રી અને પુરુષ

પરતંત્ર ચલ – ગુજરાત રાજ્યની ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓ

### સંશોધનનું સીમાંકન

૧. પ્રસ્તુત સંશોધન ફક્ત ગુજરાત રાજ્યના ભરુચ જિલ્લાના અંકલેશ્વર તાલુકા પૂરતું જ સીમિત હતું.

૨. પ્રસ્તુત સંશોધન માત્ર અંકલેશ્વર તાલુકાની ગ્રાન્ટ-ઇન-એઇડ શાળા પૂરતું જ સીમિત હતું.

૩. પ્રસ્તુત સંશોધન શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ પૂરતું જ મર્યાદિત હતું.

૪. પ્રસ્તુત સંશોધન ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાનાં ધોરણ ૬ થી ૮નાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ પૂરતું જ સીમિત હતું.

૫. પ્રસ્તુત સંશોધન માટે ઉપકરણ તરીકે પ્રશ્નાવલિનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### વ્યાપવિશ્વ અને નમૂનો

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે ભરુચ જિલ્લાનાઅંકલેશ્વર તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

વ્યાપવિશ્વના પ્રતિનિધિત્વરૂપ નમૂના તરીકે ભરુચ જિલ્લાનાં અંકલેશ્વર તાલુકાની કુલ ૯૬ ગ્રાન્ટ-ઇન-એઇડ પ્રાથમિક શાળાઓમાથી ૪૦% પ્રમાણે કુલ ૩૯ ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓનાં ધોરણ ૬ થી ૮નાં શિક્ષકો અને વિદ્યાર્થીઓની પસંદગી યાદચ્છિક ચિઠ્ઠી ઉપાડ દ્વારા કરવામાં આવી હતી.

### ઉપકરણની રચના અને પસંદગી

પ્રસ્તુત સંશોધન માટે હેતુઓને ધ્યાનમાં રાખી શિક્ષકો માટે મુક્ત જવાબી પ્રશ્નાવલિ અને વિદ્યાર્થીઓ માટે બંધ જવાબી પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### સંશોધનની પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો.

### સંશોધનનું ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધન ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને લગતું હતું.

### માહિતી એકત્રીકરણની રીત

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે અંકલેશ્વર તાલુકાની ધોરણ ૬ થી ૮ની નમૂનામાં સમાવિષ્ટ શાળાઓના આચાર્યશ્રીની પૂર્વમંજુરી લઈ રૂબરૂ મુલાકાત દ્વારા શાળાનાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ પાસે પ્રશ્નાવલિ ભરાવવામાં આવી હતી.

### માહિતી પૃથકકરણની રીત

પ્રસ્તુત સંશોધનમાં બંધ જવાબી પ્રશ્નાવલિ માટે ટકાવારી અને અગ્રતાક્રમ તથા મુક્ત જવાબી પ્રશ્નાવલિ માટે વિષયવસ્તુ વિશ્લેષણ રીત દ્વારા માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

### તારણો

પ્રસ્તુત સંશોધનના તારણો નીચે મુજબ હતા.

૧. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે સંગીત, નાટ્યપ્રવૃત્તિઓ, વેશભૂષા, રાસગરબા, લોકનૃત્ય, એક્પાત્રિય અભિનય જેવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી હતી .

૨. સહ-અભ્યાસિક પ્રવૃત્તિ સંદર્ભે સફાઈ સપ્તાહ, શ્રમયજ્ઞ, વાલી સંમેલન તથા પ્રાથમિક સારવારનું આયોજન વારંવાર કરવામાં આવતું હતું.

૩. પ્રાથમિક શિક્ષણમાં સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન ઋતુઓ, તહેવારો, વિશેષદિન અને રાષ્ટ્રીય પર્વને અનુલક્ષીને કરવામાં આવતું હતું.

૪. પ્રાથમિક શિક્ષણમાં સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું વિષય તથા એકમ અનુસાર આયોજન કરવામાં આવતું હતું.

૫. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં નેતૃત્વશક્તિનો વિકાસ થતો હતું.

૬. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા હતા.

૭. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે દરેક ધર્મના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને ધાર્મિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવતું હતું.

૮. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે શાળાદીઠ વિદ્યાર્થીઓની મધ્યમ પ્રકારની સિદ્ધિ જોવા મળી હતી.

૯. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં જ્ઞાનાત્મક, ભાવાત્મક તથા સર્જનાત્મક વિકાસ જોવા મળ્યો હતો.

૧૦. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે જરૂરી સાધન સામગ્રીનો અભાવ જોવા મળ્યો હતો.

૧૧. પ્રાથમિક શિક્ષણની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે દરેક બાળકો જોડાઇ શકે તેવી પ્રવૃત્તિના આયોજનની મુશ્કેલી નડતી હતી.

**સંશોધનના ફલિતાર્થો**

૧. વિદ્યાર્થીઓ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં જોડાઇ તે માટે તેમને પ્રોત્સાહિત કરવા જોઇએ.

૨. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની ધ્યાનમાં રાખી સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઇએ.

૩. વિદ્યાર્થીઓ માટે રસપ્રદ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઇએ.

૪. ઓછા ખર્ચે વધુ સારી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઇએ.

૫. વિદ્યાર્થીઓ માટે જીવન ઉપયોગી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઇએ.

૬. વિદ્યાર્થીઓની ભાગ ન લેવાની સમસ્યા જાણી દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.

**સંદર્ભ સૂચિ**

૧. ભગતસિંહજી,(૧૯૮૬). ***ભગવદ્ગોમંડલ.*** રાજકોટ: પ્રવીણ પ્રકાશન.

૨.દેસાઇ અને શાહ,(૨૦૦૦). ***શૈક્ષણિક પરિભાષા અને વિભાવના.*** (દ્વિતીય આવૃત્તિ). અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગાંધીનગર. પૃ.-૨૧૯

૩.એન.બી.રાવલ (૨૦૧૬-૧૭). ***વિદ્યાશાખાઓ અને શાલેય વિષયોની સમજ.*** અમદાવાદ:નીરવ પ્રકાશન, પૃ.૬૭-૬૮

૪.ઉચાટ,ડી.એ.(૨૦૦૯).***સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.***રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.પૃ-૧૭૪

૫.શાહ,ડી.બી.(૨૦૦૪).***શૈક્ષણિક સંશોધન.***અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાતરાજ્ય.પૃ-૩૪૧

૬. શાહ,ડી.બી.(૨૦૦૪).***શૈક્ષણિક સંશોધન.***અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય.પૃ-૩૪૨